# જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૪૭ /૨૦૧૫, તા.૨૪/૦૮/૨૦૧૫

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૨૫/૦૮/૨૦૧૫ ના રોજ સમગ્ર ગુજરાત રાજ્ય પાટીદાર સમાજની અનામતની માંગ અને અમદાવાદ શહેર ખાતે મોટી મહાસભાનાં આયોજન નિમિત્તે વાહન વ્યવહારનાં સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ:-

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૫/૦૮/૨૦૧૫ નાં રોજ સમગ્ર રાજ્ય પાટીદાર સમાજની આનમતની માંગ અને જી.એમ.ડી.સી. મેદાન ખાતેથી કલેક્ટર કચેરી સુભાષબ્રીજ ખાતે જનાર હોઇ અને આ પ્રસંગે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને કોઇ મોટી ટ્રાફીક સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબના જાહેર રસ્તાઓ રેલી પસાર થવાના સમય પહેલા બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>રેલીનો રૂટ</u> : જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડથી હેલ્મેટ ચાર રસ્તાથી જમણી બાજુ વળી વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ વળી દર્પણ સર્કલ થઇ સરદાર પટેલ બાવલા સર્કલથી જમણી બાજુ વળી સ્ટેડીયમ પાંચ રસ્તાથી ડાબી બાજુ વળી ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ વાડજ સર્કલ થઇ કલેક્ટર કચેરી સુભાષબ્રીજ ખાતે જશે.**

**તા.૨૫/૦૮/૨૦૧૫ ના કલાક ૧૧.૦૦ વાગ્યેથી કલાક ૧૮.૦૦ વાગ્યા (રેલીનો કાર્યક્રમ પુરો ન થાય ત્યાં સુધી) નીચે પ્રમાણેના રસ્તાઓ વાહન વ્યવહાર માટે સદંતર બંધ રહેશે. <u>(સમગ્ર રૂટ નો-વ્હીકલ ઝોન રહેશે.)</u>**

1) ગુજરાત યુનિવર્સીટી લાયબ્રેરી ટી થી સૌરભ ચાર રસ્તા તરફ પસાર થઇ શકશે નહી.
2) સેન્ટ ઝેવિયર્સ ટી થી સૌરભ ચાર રસ્તા તરફ જઇ શકાશે નહિ.
3) પાંજરાપોળ તરફથી વિજય ચાર રસ્તા તરફ જઇ શકાશે નહિ.
4) કોમર્સ છ રસ્તાથી વિજય ચાર રસ્તા તરફ જઇ શકાશે નહિ
5) લોયલા સ્કુલ ટી થી દર્પણ સર્કલ તરફ જઇ શકાશે નહિ
6) એચ. ડી.એફ.ડી. બેન્ક ચાર રસ્તાથી દર્પણ સર્કલ તરફ જઇ શકાશે નહિ
7) ડી.કે.પટેલ હોલ ચાર રસ્તાથી નવરંગ સર્કલ તરફ જઇ શકાશે નહિ
8) પલીયડનગર તરફથી નવરંગ સર્કલ તરફ જઇ શકાશે નહિ
9) ઇશ્વરભુવન ચાર રસ્તાથી તથા લખુડી સર્કલથી નવરંગ સર્કલ તરફ જઇ શકાશે નહી.
10) નારણપુરા ચોકી ચાર રસ્તાથી તેમજ નાબાર્ડ બેંક ટી થી તેમજ રેલ્વે ટ્રેક તરફથી સરદાર પટેલ બાવલા સર્કલ તરફ જઇ શકાશે નહિ
11) ઇન્કમટેક્ષથી ઉસ્માનપુરા બાજુ જઇ શકાશે નહી.

12) ભીમજીપુરા તથા પલક ચાર રસ્તા તરફથી વાડજ સર્કલ તરફ જઇ શકાશે નહિ

13) કેન્દ્રીય વિદ્યાલય કટ તથા દુધેશ્વર સર્કલ બ્રિજના પુર્વ છેડેથી વાડજ સર્કલ તરફ જઇ શકાશે નહિ

14) શાહીબાગ અંડરબ્રીજ સર્કલથી સુભાષબ્રીજ સર્કલ તરફ તથા પાવરહાઉસ સર્કલ થી સુભાષબ્રીજ સર્કલ તરફ જઇ શકાશે નહિ

15) કેશવનગર ટી તથા ચીમનભાઇ બ્રીજ નીચેથી સુભાષબ્રીજ તરફ જઇ શકાશે નહિ

16) પલક ચાર રસ્તા તરફ તથા રાણિપ ટી તરફથી તથા પ્રબોધરાવળ સર્કલ તરફથી સુભાષબ્રીજ સર્કલ તરફ જઇ શકાશે નહિ

આ જાહેરનામાનો અમલ તા.૨૫.૮.૨૦૧૫ ના કલાક ૧૨.૦૦ થી ૧૮.૦૦ સુધી રેલીનો કાર્યક્રમ પુરો ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામું ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૪/૦૮/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૪/૦૮/૨૦૧૫
અમદાવાદ.

City Commissioner of Police * Ahmedabad *

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર